

# UAEથી શસ્ત્રોનું જહાજ આવતા યમનના બંદર પર સાઉદીનો બોમ્બમારો

**યમનમાંથી** દળો પાછા ખેંચવા યુએઇને સાઉદી અરેબિયાની ચેતવણી

**પોતે** શસ્ત્રો મોકલ્યા હોવાનો ઇન્કાર કરીને યુએઇએ સાઉદીને ધીરજ અને શાણપણ રાખવા કહ્યું

દુબઈ, તા. ૩૦(એપી): સંયુક્ત આરબ અમીરાતથી યુદ્ધગ્રસ્ત દેશમાં અલગતાવાદી દળો માટે શસ્ત્રોનો જથ્થો પહોંચ્યા બાદ સાઉદી અરેબિયાએ મંગળવારે યમનના બંદર શહેર મુકાલ્લા પર બોમ્બમારો કર્યો હતો, અને ચેતવણી આપી હતી કે તે અમીરાતની કાર્યવાહીને અત્યંત ખતરનાક માને છે.

અમીરાત દ્વારા સમર્થિત સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ તરીકે ઓળખાતા અલગતાવાદી દળોની આગકૂચ પર દિવસોના તણાવ પછી આ બોમ્બમારો થયો હતો. ચેતવણી છતાં, કાઉન્સિલ અને તેના સાથીઓએ યુએઈની હાજરીને સમર્થન આપતું નિવેદન બહાર પાડ્યું હતું, જ્યારે સાઉદી અરેબિયા સાથેના અન્ય સાથીઓએ ૨૪ કલાકમાં યમનમાંથી અમીરાતી દળોને પાછા ખેંચવાની માંગ કરી હતી. યુએઈએ અલગથી સંયમ અને શાણપણ રાખવાની હાકલ કરી હતી, જ્યારે તેની સામેના રિયાધના આરોપોનો વિરોધ કર્યો હતો. જો કે તેણે એવું કહ્યું ન હતું કે તે માંગણી મુજબ યમનમાંથી પાછા ખેંચશે. આ મુકાબલાથી યમનના દાયકા લાંબા યુદ્ધમાં એક નવો મોરચો ખુલવાનો ભય ઉભો થયો છે અને તેનાથી સાઉદી અરેબિયા અને યુએઈ વચ્ચેના સંબંધોમાં વધુ તણાવ સર્જાયો છે જે અરબી દ્વીપકલ્પ પરના પડોશી રાષ્ટ્રો છે અને આર્થિક મુદ્દાઓ અને પ્રદેશના રાજકારણ પર, ખાસ કરીને વિશાળ લાલ સમુદ્ર ક્ષેત્રમાં તેમની વચ્ચે સ્પર્ધા વધી રહી છે. એક કહેવાય છે કે યુએઈના ફુજેઈરા બંદરેથી એક જહાજ શસ્ત્રો અને વાહનો લઈને યમનના મુકાલ્લા બંદર પર આવ્યું હતું. યુએઈએ કહ્યું હતું કે તેણે કોઈ શસ્ત્રો મોકલ્યા નથી અને પોતે દળો પાછા ખેંચે છે જેની સાઉદી અરેબિયાને જાણ છે જ. સાઉદી અરેબિયા અને યુએઈ વચ્ચે લાંબા સમયથી ગાઢ સંબંધો છે પણ તાજેતરના વર્ષોમાં તેમની વચ્ચે સ્પર્ધા પણ વધી છે.

## પેજ 3

### ‘ઇક્કીસ’માં ધર્મેન્દ્રને જોયા બાદ અનિલ શર્મા, ફાતિમા સના, સેલેબ્સ ભાવુક થયા




મુંબઈ, તા. 30 : તાજેતરમાં શ્રીરામ રાઘવનની આગામી ફિલ્મ ‘ઇક્કીસ’ના સ્ક્રીનિંગમાં બોલિવૂડના ઘણા સ્ટાર્સ હાજર રહ્યા હતા, જે ધર્મેન્દ્રની મોટા પડદા પરની અંતિમ ફિલ્મ છે. સ્ટાર-સ્ટડેડ ઇવેન્ટ પછી ઘણા સેલિબ્રિટીઝે ફિલ્મ પર પોતાના વિચારો શેર કર્યા અને ધર્મેન્દ્રને શ્રદ્ધાંજલિ આપી હતી. એક્સ પરની એક પોસ્ટમાં દિગ્દર્શક અનિલ શર્મા, જેમણે ધર્મેન્દ્ર સાથે ‘અપને’ (2007)માં કામ કર્યું હતું, તેમણે શેર કર્યું કે, ફિલ્મ જોઈને ખૂબ જ ભાવુક થઈ ગયા અને આંખોમાંથી આંસુ આવી ગયા. અનિલ શર્માએ લખ્યું કે, પડદા પર ધરમજીની હાજરી ખૂબ જ હૃદયસ્પર્શી હતી.

### ગંભીર ઉલ્લંઘનો છતાં શિલ્પા શેટ્ટીની ગોવા ક્લબ ધમધમી રહી છે



પણજી, તા. 30 : ગોવા નાઇટક્લબ બિર્ચ બાય રોમિયો લેનમાં બનેલી આગની ઘટના બાદ ગોવા સરકારે રાજ્યભરમાં નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી), પરમિટ વિના ગેરકાયદે કાર્યરત અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) હેઠળના નિયમોના ઉલ્લંઘન બદલ વિવિધ ક્લબો પર કાર્યવાહી શરૂ કરી છે. આવી 10થી વધુ ક્લબોને સીલ કરવામાં આવી છે, પરંતુ મોર્જિમ ખાતે આવેલી શિલ્પા શેટ્ટીની નવી ખુલેલી ક્લબ બાસ્ટિયન રિવેરા પર કોઈ અસર થઈ નથી. 7 ઓક્ટોબરના રોજ ગોવા કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (જીસીઝેડએમએ) દ્વારા જારી કરાયેલ ડિમોલિશન ઓર્ડર છતાં બાસ્ટિયન રિવેરા કોઈ રોકટોક વિના બિનધાસ્ત ધમધમી રહી છે. જાણવા મળ્યું છે કે, ડેપ્યુટી કલેક્ટર અને સબ-ડિવિઝનલ ઓફિસર (એસડીઓ)ને ડિમોલિશન ઓર્ડર આપ્યા પછી પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.



» દક્ષિણ આફ્રિકાના કેપ ટાઉનમાં સી પોઇન્ટ સ્વિમિંગ પુલમાં સ્પ્રિંગબોર્ડ પરથી ડાઇવ કરતા એક વ્યક્તિની લેવાયેલી મજેદાર તસવીર. આ સી પોઇન્ટ સ્વિમિંગ પૂલ એ કેપ ટાઉનના સી પોઇન્ટમાં બીચ પર સ્થિત એક જાહેર સ્વિમિંગ પૂલ છે. ઘણા લોકો તેને વિશ્વના સૌથી મનોહર જાહેર સ્વિમિંગ પુલ તરીકે માને છે, જેમાં ઓલિમ્પિક કદનો પૂલ, બાળકો માટે 2 સ્પ્લેશ પુલ અને સંપૂર્ણ સજ્જ સ્પ્રિંગબોર્ડ ડાઇવિંગ પૂલનો સમાવેશ થાય છે. જોકે પૂલ ગરમ થતા નથી, આ સુવિધા આખું વર્ષ ખુલ્લી રહે છે, અને શિયાળા દરમિયાન મુઠ્ઠીભર કેપટોનિયનો તાલીમ લેતા જોઈ શકાય છે.

# અસીમ મુનીરે પુત્રીના લગ્ન પોતાના ભત્રીજા સાથે કરાવ્યા

**રાવલપિંડીમાં** મુનીરના નિવાસસ્થાને ૨૬ ડિસેમ્બરે સાદા સમારંભમાં લગ્ન થયા

**મર્યાદિત** મહેમાનોમાં શાહબાઝ શરીફ, ઝરદારી અને યુએઇના પ્રમુખનો સમાવેશ

રાવલપિંડી, તા. ૩૦: પાકિસ્તાનના લશ્કરી વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે પોતાની પુત્રીના લગ્ન પોતાના ભાઈના પુત્ર સાથે કરાવ્યા છે.

મળતી માહિતી મુજબ જનરલ અસીમ મુનીરની પુત્રી માહેનૂરના લગ્ન તેમના ભાઈ કાસિમ મુનીરના પુત્ર અબ્દુલ રહેમાન સાથે થયા છે. આ લગ્ન તાજેતરમાં 26 ડિસેમ્બરના રોજ રાવલપિંડીમાં થયા હતા. જ્યારે કે તે એક ખાનગી કાર્યક્રમ હતો, તેથી કોઈ ફોટોગ્રાફ્સ જાહેર કરવામાં આવ્યા ન હતા. અબ્દુલ રહેમાન, અગાઉ પાકિસ્તાન આર્મીમાં કેપ્ટન તરીકે સેવા આપી ચુક્યા છે, બાદમાં તેઓ સિવિલ સર્વિસીસમાં જોડાયા, જ્યાં તેઓ હવે આર્મી અધિકારીઓ માટેના અનામત ક્વોટા હેઠળ આસિસ્ટન્ટ કમિશનર તરીકે સેવા આપે છે. લગ્ન સમારોહ કોઈ મોટી હોટલ કે લગ્ન હોલમાં નહીં, પરંતુ રાવલપિંડીમાં લશ્કરના વડામથક(GHQ) નજીક સ્થિત ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના નિવાસસ્થાને યોજાયો હતો. નોંધનીય છે કે, ખૂબ ઓછા મહેમાનો સાથેનો ખાનગી કાર્યક્રમ હોવા છતાં, લગ્ન સમારંભમાં UAEના પ્રમુખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન, પાકિસ્તાનના પ્રમુખ આસિફ ઝરદારી, વડા પ્રધાન શેહબાઝ શરીફ, નાયબ વડા પ્રધાન ઈશાક દાર, ISIના વડા અને પાકિસ્તાની સેનાના અન્ય ટોચના અધિકારીઓએ હાજરી આપી હતી. મુનીરે પોતાની પુત્રીના લગ્ન ભત્રીજા સાથે કરાવ્યા તે બાબતને ભારતીય ગુપ્તચર સૂત્રો લશ્કર પર પોતાના કબીલાની પકડ જમાવવાના મુનીરના પ્રયાસ તરીકે જુએ છે.

## ઉત્તરાખંડમાં બસ ખીણમાં ખાબકતાં સાતનાં મોત, 12 ઘાયલ

દેહરાદૂન, તા. ૩૦ (પીટીઆઈ) : પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લામાં બસ ખીણમાં ખાબકતાં સાત લોકોનાં મોત થયાં હતાં અને લગભગ ૧૨ ઘાયલ થયા છે. સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસએસપી) દેવેન્દ્ર પિંચાએ જણાવ્યું હતું કે, આ અકસ્માત ભીકિયાસૈન વિસ્તારમાં થયો હતો, જ્યારે બસ અલ્મોડાના દ્વારહાટથી નૈનીતાલના રામનગર જઈ રહી હતી. એસએસપીના જણાવ્યા અનુસાર, ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો ત્યારે તેમાં ૧૮થી ૧૯ મુસાફરો સવાર હતા અને તે ભીકિયાસૈનથી છ કિલોમીટર આગળ ખીણમાં પડી ગઈ હતી.







# ચીનમાં મેદસ્વી લોકો માટે એક અનોખી ફેટ જેલ ખુલી

**મેદસ્વી** લોકોને વજન ઘટાડવા માટે આ જેલમાં 28 દિવસ ગાળવાની ફરજ પાડવામાં આવે છે

ચીનની ‘ફેટ જેલ’ની ચર્ચા આજકાલ સોશિયલ મીડિયા પર ખૂબ થઈ રહી છે. આ અનોખી જેલ ફક્ત વધુ વજનવાળા વ્યક્તિઓ માટે છે. જેમને લાગે છે કે તેમને વજન ઘટાડવાની જરૂર છે અથવા વધારાના પાઉન્ડ ઘટાડવાની જરૂર છે તેઓ આ જેલમાં રૂબરૂ નોંધણી કરાવી રહ્યા છે. એક મહિલા જેણે પોતે સાઇન અપ કર્યું છે તેણે સુવિધાના બંધ દરવાજા પાછળ ખરેખર શું ચાલી રહ્યું છે તેની અંદરની ઝલક આપી છે. ચીનની આ જેલો કોઈ સરકારી જેલો નથી જ્યાં ગુનેગારોને સજા આપવામાં આવે છે. તેના બદલે, આ ખાનગી વજન ઘટાડવાના બુટ કેમ્પ અથવા સ્લિમિંગ સેન્ટર છે, જ્યાં વધુ વજનવાળા અથવા મેદસ્વી લોકો પોતે પૈસા ચૂકવીને પ્રવેશ મેળવે છે. વર્કઆઉટ્સ વચ્ચે ખાવામાં આવતા ભોજનને ટ્રે પર કાળજીપૂર્વક વહેંચવામાં આવે છે, જેમાં એક નાસ્તામાં બ્રેડનો એક ટુકડો, સમારેલા ટામેટા અને કાકડી અને ચાર બાફેલા ઈંડા હોય છે. હા, આ દુનિયાની એવી જેલ છે જ્યાં બળાત્કારીઓ અને ખૂનીઓ જેવા ગુનેગારોને બદલે મેદસ્વી લોકોને કેદ કરવામાં આવે છે. તેમને બહારની દુનિયાથી કાપી નાખવામાં આવે છે. વધુમાં, તેમને ત્રણ વખત સંતુલિત ભોજન આપવામાં આવે છે અને દિવસમાં ચાર કલાક કે તેથી વધુ સમય માટે કસરત કરાવવામાં આવે છે.

# મુંબઇમાં બેસ્ટની બસની અડફેટે ચારનાં મોત, નવને ઇજા

**ભાંડુપ** રેલવે સ્ટેશન નજીક બનેલા બનાવમાં બેસ્ટે રૂ. બે લાખનું વળતર જાહેર કર્યું

**બેસ્ટની** ઇલેક્ટ્રીક બસનો થોડા જ મહિનાઓમાં બીજો ઘાતક અકસ્માત



મુંબઇ, તા. ૩૦: મુંબઈના ભાંડૂપ વિસ્તારમાં શહેરી બસ સેવા - બેસ્ટની એક બસની અડફેટે આવી ગયેલા ચાર રાહદારીઓનાં મોત થયા હતા તથા અન્ય નવને ઈજા થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ભાંડૂપ રેલવે સ્ટેશન નજીકના બસ સ્ટોપ પર એક બસ અચાનક બેકાબૂ થઈને રિવર્સમાં ધસી આવી હતી અને ઘણા લોકો તેની નીચે કચડાઈ ગયા હતા. આ ઘટનામાં ચારના મોત થયા હતા જ્યારે અન્ય નવને ઈજા થઈ હતી. ચાર મૃતકોમાંથી ત્રણ મહિલાઓ હતી. સ્થળ પર લોહીના રેલા થઈ ગયા હતા. આ અકસ્માત સોમવારે રાતના પોણા દસ વાગ્યાના સુમારે થયો હતો. આ બસ બેસ્ટની બેટરી સંચાલિત બસ હતી અને આ પ્રકારની બસનો થોડા મહિનાઓમાં બીજો મોટો અકસ્માત છે. ગયા વર્ષે કુર્લામાં બેસ્ટની ઈલેકટ્રિક બસના અકસ્માતમાં નવના મોત થયા હતા. આ અકસ્માતમાં કોઈ મશીન ખામી જવાબદાર છે કે ડ્રાઈવરની ભૂલ હતી કે અન્ય કોઈ કારણ હતું તે બાબતે તપાસ શરૂ કરવામાં આવી છે. બસના ડ્રાઈવરની ઓળખ સંતોષ સાવંત તરીકે થઈ છે , તે પીધેલી હાલતમાં હતો કે કેમ? તેની પણ તપાસ કરવાની માગ થઈ છે. એક મહિલાએ ફરિયાદ કરી હતી કે આ વિસ્તારમાં ફૂટપાથ પર મોટાપાયે ફેરિયાઓ અડિંગો જમાવે છે તેથી રાહદારીઓને રસ્તા પર ચાલવું પડે છે અને તેનાથી પણ આવા અકસ્માતો થાય છે.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના કુટુંબ માટે બેસ્ટ કંપનીએ રૂ બે લાખનું વળતર જાહેર કર્યું છે જ્યારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મૃતકોના કુટુંબ માટે રૂ. પાંચ લાખ વળતર જાહેર કર્યું છે. ઈજાગ્રસ્તોને બેસ્ટ કંપની સારવાર અપાવી રહી છે.

# પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવાતા મોદીએ ઊંડી ચિંતા દર્શાવી

**રશિયા**-યુક્રેનને દુશ્મનાવટનો અંત લાવવા માટે રાજદ્વારી પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવવાના અહેવાલો પર ઊંડી ચિંતા વ્યક્ત કરીને રશિયા અને યુક્રેનને દુશ્મનાવટનો અંત લાવવા માટે રાજદ્વારી પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. મોદીએ X પર એક પોસ્ટમાં કહ્યું હતું કે રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિના નિવાસસ્થાનને નિશાન બનાવવાના અહેવાલોથી ખૂબ જ ચિંતિત છું. રશિયાએ સોમવારે દાવો કર્યો હતો કે 91 લાંબા અંતરના યુક્રેનિયન ડ્રોને મોસ્કોના ઉત્તરમાં નોવગોરોડ ક્ષેત્રમાં પુતિનના દેશના નિવાસસ્થાન પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. મોદીએ કહ્યું કે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસો દુશ્મનાવટનો અંત લાવવા અને શાંતિ પ્રાપ્ત કરવા માટે સૌથી વ્યવહારુ માર્ગ પ્રદાન કરે છે.

## યુએનના વડાનો નવા વર્ષનો સંદેશ હિન્દી, ઉર્દૂમાં જારી

સંયુક્ત રાષ્ટ્ર, તા. 30 (પીટીઆઈ) પ્રથમ વખત યુએનના વડાએ વર્ષ 2026 માટે તેમનો નવો વર્ષનો સંદેશ અન્ય ભાષાઓની સાથે હિન્દીમાં પણ જારી કર્યો છે, જેમાં તેમણે આજે વિશ્વના નેતાઓને વિનાશમાં નહીં, પરંતુ વિકાસમાં રોકાણ કરવા હાકલ કરી છે. એન્ટોનિયો ગુટેરેસનો નવા વર્ષનો સંદેશ 11 ભાષાઓમાં જારી કરવામાં આવ્યો છે, જેમાં યુએનની છ સત્તાવાર ભાષાઓ અરબી, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ તેમજ હિન્દી અને ઉર્દૂનો સમાવેશ થાય છે. આ પ્રસંગે તેમનો વીડિયો સંદેશ હિન્દી સબટાઈટલ સાથે પણ જારી કરવામાં આવ્યો છે.

## ધુમ્મસને કારણે દિલ્હી એરપોર્ટ પર 118 ફ્લાઇટ્સ રદ, 16 ડાયવર્ટ

નવી દિલ્હી, તા. ૩૦ (પીટીઆઈ) ગાઢ ધુમ્મસને કારણે મંગળવારે દિલ્હી એરપોર્ટ પર ઓછામાં ઓછી ૧૧૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, ૧૬ ફ્લાઈટ્સ ડાયવર્ટ અને ૧૩૦ સેવાઓ મોડી પડી હતી. ડીઆઈએએલ દ્વારા સંચાલિત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (આઈજીઆઈએ) દરરોજ લગભગ ૧,૩૦૦ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ૬૦ આગમન અને ૫૮ પ્રસ્થાન રદ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૬ ફ્લાઈટ્સ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24.com દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે સવારે એરપોર્ટ પર ૧૩૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી અને પ્રસ્થાન માટે સરેરાશ વિલંબનો સમય લગભગ ૨૮ મિનિટ હતો.

# ચીને મધ્યસ્થી કરી હોય તેવા મુદ્દાઓમાં ભારત-પાક. સંઘર્ષ સામેલ : ચીન

**ચીની** વિદેશ મંત્રીએ દાવો કર્યો કે આ વર્ષે ચીને ઘણી લડાઇઓમાં મધ્યસ્થી કરી છે!

બેઈજિંગ, તા. ૩૦(પીટીઆઈ): ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ મંગળવારે જણાવ્યું હતું કે આ વર્ષે ચીન દ્વારા મધ્યસ્થી કરાયેલા હોટસ્પોટ મુદ્દાઓમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવનો સમાવેશ થાય છે.

નવી દિલ્હી સતત કહી રહ્યું છે કે ૭-૧૦ મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષનો ઉકેલ બંને દેશોની સેનાઓના ડીજીએમઓ (ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ) વચ્ચે સીધી વાતચીત દ્વારા લાવવામાં આવ્યો હતો. ભારત એ પણ કહી રહ્યું છે કે ભારત અને પાકિસ્તાનને લગતી બાબતોમાં કોઈપણ તૃતીય પક્ષના હસ્તક્ષેપ માટે કોઈ સ્થાન નથી. આ વર્ષે, સ્થાનિક યુદ્ધો અને સરહદ પાર સંઘર્ષો બીજા વિશ્વયુદ્ધના અંત પછી ક્યારેય ન થયા હોય તેના કરતાં વધુ વખત ભડક્યા. ભૂ-રાજકીય અશાંતિ ફેલાતી રહી એમ વાંગે બેઈજિંગમાં આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ચીનના વિદેશી સંબંધો પરના પરિસંવાદમાં બોલતા કહ્યું. ટકાઉ શાંતિ બનાવવા માટે, અમે હેતુલક્ષી અને વાજબી વલણ અપનાવ્યું છે, અને લક્ષણો અને મૂળ કારણો બંનેને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે એમ તેમણે વધુમાં કહ્યું હતું. ઉકળતા મુદ્દાઓના સમાધાન માટે આ ચીની અભિગમને અનુસરીને, અમે ઉત્તરી મ્યાનમાર, ઈરાની પરમાણુ મુદ્દો, પાકિસ્તાન અને ભારત વચ્ચેના તણાવ, પેલેસ્ટાઈન અને ઈઝરાયલ વચ્ચેના મુદ્દાઓ અને કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં મધ્યસ્થી કરી એમ તેમણે કહ્યું હતું.

## ટ્રમ્પે ફરી ભારત અને પાકિસ્તાન યુદ્ધનો અંત લાવવાનો દાવો દોહરાવ્યો

ન્યૂયોર્ક, તા. 30 (પીટીઆઈ) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથેની તેમની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉકેલ લાવવાના દાવાનું પુનરાવર્તન કર્યું હતું. ટ્રમ્પે સોમવારે ફ્લોરિડાના પામ બીચ પર માર-એ-લાગો ખાતે નેતન્યાહૂ અને તેમના પ્રતિનિધિમંડળ સાથેની તેમની દ્વિપક્ષીય મુલાકાત શરૂ કરતાં ટ્રમ્પે કહ્યું કે, તેમણે વ્હાઈટ હાઉસમાં તેમના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં અત્યાર સુધીમાં આઠ યુદ્ધો ઉકેલી નાખ્યા છે.

# RailOne એપથી રેલવે ટિકિટ બુક કરાવનારને 3% ડિસ્કાઉન્ટ મળશે

**આ ઓફરનો** લાભ 14 જાન્યુઆરીથી 24 જુલાઇ દરમિયાન મળશે

નવી દિલ્હી, તા. 30 : ભારતીય રેલ્વેએ તેના મુસાફરો માટે નવા વર્ષની એક મહત્વપૂર્ણ ભેટની જાહેરાત કરી છે. જો તમે જનરલ કોચમાં મુસાફરી કરો છો અને ઓનલાઈન ટિકિટ બુક કરો છો, તો તમને ડિસ્કાઉન્ટ મળશે. રેલ્વે મંત્રાલયે નિર્ણય લીધો છે કે 14 જાન્યુઆરી, 2026 થી, મુસાફરોને ‘રેલવન’ એપ દ્વારા બુક કરાયેલી જનરલ ટિકિટ પર 3 ટકા ડિસ્કાઉન્ટ મળશે. રેલ્વે મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, આ ડિસ્કાઉન્ટ ઓફર છ મહિના માટે માન્ય છે. આ ઓફર 14 જાન્યુઆરી, 2026 થી શરૂ થશે અને 14 જુલાઈ, 2026 ના રોજ સમાપ્ત થશે. હાલમાં, રેલ્વે ‘રેલવન’ એપ પર આર-વોલેટ એપ દ્વારા કરવામાં આવતી ચુકવણી પર જ 3% કેશબેક આપે છે. જોકે, નવા નિયમ હેઠળ, મુસાફરોને કોઈપણ ડિજિટલ મોડ (જેમ કે UPI, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, નેટ બેંકિંગ) દ્વારા કરવામાં આવતી ચુકવણી પર સીધું 3% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. 30 ડિસેમ્બરના રોજ, મંત્રાલયે સેન્ટર ફોર રેલ્વે ઈન્ફર્મેશન સિસ્ટમ્સ (CRIS) ને સોફ્ટવેરમાં જરૂરી ફેરફારો કરવા નિર્દેશ આપ્યો હતો જેથી આ સુવિધા 14 જાન્યુઆરીથી લાગુ કરી શકાય.

## મમતા ચૂંટણી લાભ માટે ઘૂસણખોરીને પ્રોત્સાહન આપે છે : અમિત શાહ

કોલકાતા, તા. 30 (પીટીઆઈ) : પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે માહોલ બનાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પ્રહારો કર્યા હતા. શાહે મમતાની સરકાર પર ચૂંટણી લાભ માટે બાંગ્લાદેશીઓની ઘૂસણખોરીને પ્રોત્સાહન આપીને રાજ્યની ડેમોગ્રાફી (વસ્તી વિષયક સ્થિતિ)ને ખતરનાક રીતે બદલીને, વ્યાપક ભ્રષ્ટાચાર અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહી હોવાનો આરોપ લગાવ્યો હતો.

# મમતાએ SIRને એઆઈના ઉપયોગથી આચરાતુ કૌભાંડ ગણાવ્યું

**જો એકપણ** કાયદેસર મતગારનું નામ યાદીમાંથી નીકળશે તો ટીએમસી દિલ્હીમાં ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવ કરશે

બાંકુરા (પશ્ચિમ બંગાળ), તા. 30 (પીટીઆઈ) એસઆઈઆર એ કૃત્રિમ બુદ્ધિ (એઆઈ)ની મદદથી આચરવામાં આવતું એક મોટું કૌભાંડ હોવાનો દાવો કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે કહ્યું હતું કે, જો એક પણ કાયદેસર મતદારનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવે તો તેમની ટીએમસી દિલ્હીમાં ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવ કરશે.

બાંકુરા જિલ્લામાં એક રેલીને સંબોધતાં બેનર્જીએ કહ્યું હતું કે, એસઆઈઆરના નામે રાજ્યના લોકોને ટોર્ચર કરવામાં આવી રહ્યા છે. મમતાએ દાવો કર્યો હતો કે, ‘‘એસઆઈઆર ના કારણે લગભગ 60 લોકો મૃત્યુ પામ્યા છે. વૃદ્ધોને દસ્તાવેજ ચકાસણી સુનાવણી માટે બોલાવવામાં આવી રહ્યા છે.’’ મમતાએ ઉમેર્યું હતું કે, ‘‘જો એક પણ કાયદેસર મતદારનું નામ કાઢી નાખવામાં આવશે તો ટીએમસી દિલ્હીમાં ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવ કરશે.’’ બેનર્જીએ કહ્યું કે, રાજ્યના લોકો આવી હેરેસમેન્ટને સહન કરશે નહીં. મમતાએ કહ્યું, ‘‘લોકો પશ્ચિમ બંગાળમાં ભાજપને સત્તામાં આવવા દેશે નહીં.’’

# ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી ત્રણના મોત, 100થી વધુ હોસ્પિટલમાં

**સરકારી** આંકડાથી વિરુદ્ધ સ્થાનિકો કહે છે કે ચાર મહિલા સહિત પાંચના મોત થયા છે

ઈન્દોર (મધ્યપ્રદેશ), તા. ૩૦ (પીટીઆઈ) : છેલ્લા કેટલાક દિવસોમાં ઈન્દોરમાં એક વિસ્તારમાં કથિત રીતે દૂષિત પાણી પીવાથી ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ થયા છે એવું શહેરના મેયરે મંગળવારે જણાવ્યું હતું. જોકે, સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો હતો કે દૂષિત પાણી પીવાથી બીમાર પડ્યા બાદ અત્યાર સુધીમાં ચાર મહિલાઓ સહિત પાંચ લોકો મૃત્યુ પામ્યા છે. સ્થાનિક કાઉન્સિલરના જણાવ્યા મુજબ, રહેવાસીઓએ ફરિયાદ કરી હતી કે 25 ડિસેમ્બરે પૂરા પાડવામાં આવેલા પાણીમાં અસામાન્ય ગંધ હતી અને લોકો તે પીધા પછી બીમાર પડ્યા હોઈ શકે છે. મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી (સીએમએચઓ) ડૉ. માધવ પ્રસાદ હસાનીએ જણાવ્યું હતું કે ભગીરથપુરા વિસ્તારમાં ઝાડા ફાટી નીકળવાના અહેવાલો પછી, આરોગ્ય વિભાગે ૨,૭૦૩ ઘરોનો સર્વે કર્યો અને લગભગ ૧૨,૦૦૦ લોકોની તપાસ કરી, હળવા લક્ષણો ધરાવતા ૧,૧૪૬ દર્દીઓને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપી. ભગીરથપુરાના ગુસ્સે ભરાયેલા રહેવાસીઓએ આરોપ લગાવ્યો કે મ્યુનિસિપલ નળ કનેક્શન દ્વારા ઘરોમાં પહોંચાડવામાં આવતું દૂષિત નર્મદા નદીનું પાણી પીધા પછી તેઓ અને તેમના પરિવારના સભ્યો બીમાર પડ્યા હતા.

## બાંગ્લાદેશી સંપર્ક બદલ આસામ અને ત્રિપુરામાં 11ની ધરપકડ

ગુવાહાટી, તા. ૩૦ : પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ સ્થિત કટ્ટરપંથી જૂથો સાથે તેમના સંબંધો બદલ આસામ અને ત્રિપુરામાં ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમનો ઉદ્દેશ્ય ઉત્તરપૂર્વને અસ્થિર કરવાનો છે. એક પત્રકાર પરિષદને સંબોધતાં ગુવાહાટી પોલીસ કમિશનર પાર્થસારથી મહંતે જણાવ્યું હતું કે, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)એ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા આપવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે આ ધરપકડ કરી છે. અધિકારીએ કહ્યું હતું કે, ધરપકડ કરાયેલા લોકો ઈમામ મહમુદર કાફિલા (આઈએમકે) મોડ્યુલના સભ્યો હતા.